51
8

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા



1600075

# બાળકોના લેખો

સંપાદન: ગિજુભાઈ • તારાબેન

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

# બાળકોના લેખો

શ્રી દક્ષિણામૂર્તિ
બાલમંદિરનાં બાળકો

શારદામંદિર
અમદાવાદ
૧૮૨

: પ્રકાશક :
આર. આર. શેઠની કંપની
મુંબઈ-૨ ○ અમદાવાદ-૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ–૨
ગાંધી માર્ગ, અમદાવાદ–૧

© પ્રકાશકનાં

મુદ્રણ સાતમું : ફેબ્રુઆરી ૧૯૬૬

મૂલ્ય : પચાસ પૈસા

[૮૦ પુસ્તકોના સેટના રૂ. ૪૦–૦૦]

શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા
પુસ્તક ૭૬ મું

મુદ્રક
જુગલદાસ સી. મહેતા
શ્રી પ્રવીણ પ્રિન્ટરી
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# બાળકોના લેખો

બાલમંદિરનાં પાંચથી બાર વર્ષની
ઉંમર સુધીનાં બાળકોએ જ લખેલા.

# બાળકોના લેખો

## આટી ગોટી

એક ગોટી સોનાની.
એક ગોટી હીરાની.
એક ગોટી મોતીની.
એક ગોટી રાજાની.
એક ગોટી રાણીની.
એક ગોટી દીવાનની.
એક ગોટી કુંવરની.
રાજાની ગોટી મખમલની;
કુંવરની ગોટી મોતીની.

એક ગાડી હીરાની.
એક ગાડી મોતીની.
એકમાં રાજા સાહેબ;
બીજીમાં રાણી સાહેબ.
બીજીમાં દીવાન સાહેબ;
બીજીમાં નોકર સાહેબ.

**બાબીબેન (૫ વર્ષ)**

☆ ☆

# બિલાડી

મેં એક બિલાડી પાળી છે.
તે કૂતરાથી બીતી ચાલે છે.
તે ઉંદરને ઝટપટ ઝાલે છે.
તે શિયાળિયાં રોવે ત્યારે બીવે છે.
તે ઘીદૂધ ચપચપ ચાટે છે.

**બાબીબેન (૫ વર્ષ)**

# ચંચળબેન

વાડીમાં ચંચળ બોલાવજો વાલા;
મોતીની પાળો બંધાવજો વાલા;
હીરામાણેકનાં તોરણુ બંધાવજો વાલા;
ચંપેલી વાસ ઉડાવજો વાલા.

ફૂલોની વાસ ઉડાવજો વાલા;
અત્તરની વાસ ઉડાવજો વાલા;
ફૂલની ટોપલી ઉડાવજો વાલા;
મોતીની પાળ બંધાવજો વાલા;

ચંચળવતી બેની આવ્યાં.
મોતીની પાળ બંધાવી;
હીરાનાં તોરણુ બંધાવ્યાં.
માણેકના ચોરસ વંજાયાં.
મોતીનાં ઝાડો ઠરાયાં.
હીરાનાં ફૂલો કરાયાં.
મોતીના સાથિયા પુરાયા.
ચંચળવતી બેની આવ્યાં.

બાબીબેન ( ૫ વર્ષ )

# ચકલી

એક હતી ચકલી.

ચકલી અમારી પાળેલી ન હતી.

ઈ રોજ મારા ઘરમાં જઈને બેસે.

ઈંડાં મૂકે ને ચાલી જાય.

એક દિવસ ઈંડાં ફૂટ્યાં.

એકદમ એમાંથી મજાનું નાનુંસરખું બચ્ચું નીકળ્યું. અર્ધું ધોળું, અર્ધું પીળું, અર્ધું કેસરી, અર્ધું કાળું, એટલા રંગનું મજાનું બચ્ચું નીકળ્યું.

એને હું મારતો ન હતો.

હું એને ખોળામાં લઈને રમાડતો હતો.

એને હજી આંખો આવી ન હતી.

બાબીબેન (૫ વર્ષ)

☆ ☆

# દ્રાક્ષ

કેવી મજાની દ્રાક્ષ !
લીલી દ્રાક્ષ; કાળી દ્રાક્ષ.
રાતી રાતી દ્રાક્ષ; ધોળી ધોળી દ્રાક્ષ !
ઠળિયાવાળી દ્રાક્ષ.
ગહ્રી ગળી દ્રાક્ષ; મીઠી મીઠી દ્રાક્ષ.
શી મજાની દ્રાક્ષ !
કેવા મજાના ચારે રંગની દ્રાક્ષ !
લીલા, રાતા, કાળા, ધોળા :
ચારે મજાના રંગ.
સુંદર શોભે રંગીન દ્રાક્ષ.
દ્રાક્ષ ! દ્રાક્ષ ! દ્રાક્ષ !

**સુશીલાબેન ( ૧૦ વર્ષ )**

☆　　☆

# નાની વાર્તા

દૂધ જેવી રાત હતી. ચાંદની ઊગી રહી હતી. ચાંદાનું તેજ આંખ ઉપર પડતું હતું.

ત્યાં બે ઘોડેસ્વાર નીકળી રહ્યા હતા. એક રાજા અને બીજો તેનો પ્રધાન. એણે ઘોડા દોડવી મૂક્યા.

ત્યાં તો નાનું સરખું મજાનું ઘર આવ્યું. એમાં પલંગ તો પાર વગરના. ગોળ-ઘી તો પાર વગરનાં. ઘણાં ઘણાં.

એમાં ત્રણ ભાઈ ને પાંચ છોકરીઓ. એક નાની, એક મોટી, એક સૌથી મોટી.

એક નાની ખાટલી, એક સૌથી મોટી ખાટલી, ને એક સાવ ટીનકુડી.

**બાબીબેન (૬ વર્ષ)**

☆ ☆

# એક બાઈ ને સૈનિકો

એક બાઈ હતી. એણે ઘોડો તૈયાર કર્યો. પછી ઈ તો ભાઈ ચાલે છે. ઘોડો તબડાવી મૂક્યો છે, ને બરાબર કિલ્લો આવી પહોંચ્યો છે; ને ત્યાં પડાવ નાખ્યો. ને પાછા સૈનિકો આવ્યા છે. કો'ક હોકો ગુડ-ગુડ ગુડગુડ પીએ છે. કો'ક બજારમાંથી ખાવાનું લઈ આવ્યા હતા, તે હઙ્ફ કરી જતા ' તા. ત્યાં તો ભાઈ સૂતા. શ્વાસ મૂકે છે. આમ આમ નસકોરાં બોલે છે;

ઈ તો બંગલામાં પડાવ નાખ્યો છે. રાત તો ભાઈ એવી અંધારી ઘોર રાત, કે જાણે ભૂતની રાત છે. ચાંદો દેખાય નહિ. તારા દેખાય નહિ. એવી અંધારી રાત છે.

બાબીબેન ( ૬ વર્ષ )

☆ ☆

# વરસાદ

: ૧ :

વરસાદ વરસતો હતો. ભેંશો નહાતી હતી. કૂતરાઓ ભાગતા હતા. ચકલી ને કબૂતર ચુપ બેઠાં હતાં. વાછડીઓ આમતેમ દોડતી હતી. ખાડા ભરાતા હતા. ઝાડનાં પાંદડાં હલતાં હતાં. નેવાંમાંથી પાણીની ધાર પડતી હતી. અમારા ઘર પછવાડેની સડક તૂટું તૂટું થઈ રહી હતી. વરસાદ બંધ પડ્યો.

: ૨ :

વરસાદ વરસી રહ્યો. ચારેકોર પાણી થઈ રહ્યું. વાદળાં વિખાયાં. આકાશમાં ઇંદ્રધનુષ્ય દેખાયું. નાનાં છોકરાંઓ તો તે જોઈ ને કૂદાકૂદ કરવા લાગ્યાં. વળી પાછાં વાદળાં ચડી આવ્યાં. અંધારું થયું. વરસાદ ગાજ્યો. થોડીક વાર થઈ ત્યાં તો વરસાદ કડકડ કરતો તૂટી પડ્યો.

સુશીલાબેન (૧૧ વર્ષ)

# કેવી મજા?

કેવી મજા!
પગ દુખે તેવી મજા.

કેવી મજા?
હાથ દુખે તેવી મજા.

કેવી મજા?
માથું દુખે તેવી મજા.

કેવી મજા?
પેટમાં દુખે તેવી મજા.

કેવી મજા?
વાંસો દુખે તેવી મજા.

કેવી મજા?
દાંત આવે તેવી મજા.

કેવી મજા?
આંખ આવે તેવી મજા.

કેવી મજા?
મુચ્છા પડાય તેવી મજા.

કેવી મજા?

અંબોડો લેવાય તેવી મજા.

લીલુબેન (૧૧ વર્ષ)

## ખાવાનો પાઠ

ભાઈનો પાટલો મેં માંડ્યો.
મારો પાટલો મેં માંડ્યો.
શારુભાઈનો પાટલો મેં માંડ્યો.
ને અમે જમવા બેઠાં.
ત્રણેની થાળી મેં મૂકી.

પાપાનો કળશિયો પાપાએ ભર્યો. મારો અને શારુનો કળશિયો ભરીને હું લાવી. મારી બાનો કળશિયો પણ હું ભરી લાવી.

મારી બાએ પહેલાં મને ભાત દીધો. બધાંયને ભાત દીધો.

ભાત ખાઈ રહ્યા પછી થોડા મુરબ્બા રોટલી દીધા.

બાબીબેન (૬ વર્ષ)

# તારાનું તેજ

તારા, તારા! તારા જેવું
    સરસ મજાનું તેજ દે.
મોર, મોર! તારા જેવાં
    સરસ મજાનાં પીછાં દે.

કોયલ બેની! તારા જેવો
    ઝીણો ઝીણો કંઠ દે.

બુલબુલ, બુલબુલ! તારા જેવું
    સરસ મજાનું ગાન દે.

હંસ, હંસ! તારા જેવી
    ઊજળી મજાની પાંખ દે.

ચંડોલ, ચંડોલ? તારા જેવાં
    રંગબેરંગી પીંછાં દે.

ફૂલ, ફૂલ! તારા જેવી
    મીઠી મીઠી સુગંધ દે.

લીલુબેન (૧૨ વર્ષ)

# તારલિયા

કેવા સરસ તારલિયા !
વીણી વીણી લાવું તારલિયા.
ગણી ગણી લાવું તારલિયા.
છાબડી ભરી લાવું તારલિયા.
ટોપલો ભરી લાવું તારલિયા.
કરકરિયાં ઝરતા તારલિયા.

ઝીણા ઝીણા તારલિયા.
છૂટા છૂટા તારલિયા.
આભમાં ઊંચા તારલિયા.
હાથ ન આવે તારલિયા.

ચકમકતા તારલિયા.
ઝગમગતા તારલિયા.
સોનેરી તારલિયા.
તલ જેવડા તારલિયા.
કાળા આભમાં તારલિયા.
કૂદકા મારે તારલિયા.

લીલુબેન (૧૨ વર્ષ)

# સુંદર સરોવર

કેવું સુંદર સરોવર !
સરસ મજાનું સરોવર !
છલકાતું આવે સરોવર.
મોજાં લાવતું સરોવર.
ગાતું આવે સરોવર.
ધમધમ બોલતું સરોવર.
ચાલો બેની જઈએ જોવા
ચાલો જઈએ ચિત્ર કાઢીએ
કેવું મજાનું સરોવર !
સુંદર દીસે સરોવર !

લીલુબેન (૧૨ વર્ષ)

☆ ☆

# મચ્છર કેર કરે છે.

મચ્છર કેર કરે છે રે,
 દુખડાં કોને કહેવા જઈએ.

અમને નિત્ય નડે છે રે,
 ઘરમાં કેમ કરીને રહીએ.

ખાડામાંથી ઊડી આવે,
 ચટક ચટક ચટકાવે;
વીંછીની તો ગરજ સારે છે,
 કાળી અગ્નિ હાલે........મચ્છર૦

અડધી રાત થાય ત્યાં તો,
 ટીકુ ઠેકડા મારે;
વોય વોય કરતી બબલી જાગે,
 બૂમો પાડી રોવે........મચ્છર૦

બચુ જાગે, ગિજુભાઈ જાગે,
 મચ્છરને ગાળો દેતા,
ઉંહ ઉંહ કરતી સુશીલા જાગે,
 ધુમાડો કોઈ કરો ને........મચ્છર૦

બીજે દિવસે લીમડો પાડ્યો,
ભાઈ બ્હેને મળીને;
મચ્છર જાણે કાળ જ આવ્યો,
ચાલો નાસી જઈએ........મચ્છર૦

સુશીલાબેન (૧૦ વર્ષ)

☆ ☆

## મોરલો

કેવો સરસ મોરલો!
ટહુકતો આવે મોરલો.
પીંછાળો આવે મોરલો.
આંબાની ડાળે મોરલો.
સરોવરની પાળે મોરલો.
ફૂલવાડીમાં મોરલો.
મોટા વનમાં મોરલો.

લીલુબેન (૧૨ વર્ષ)

☆ ☆

## વરતો

પાણી એનું વાહન છે.
યંત્ર એનું પેટ છે.
લાકડાનું એ ઘર છે.
માણસને એ પ્રિય છે.

☆

ચાંચ એની મોટી છે.
રૂ એને વા'લું છે.
માણસને એ ગમે છે.

☆

દોરો એનું વાહન છે.
દવા એને વાલી છે.
ચીંથરાં એને ગમે છે.
માણસને એ રોવરાવે છે.

લીલુબેન (૧૨ વર્ષ)

☆ ☆

# એક કાગળ

પ્રિય બાબા !

તારો પત્ર મળ્યો.

તમે ખુશીમાં હશો.

અહીં બાબુભાઈ મરી ગયા. મને બહુ ખોટું લાગ્યું. પણ શું કરું ? હું પ્રભુ હોત તો સો વરસ જિવાડું. પણ દેવ બચુ, બટુકડી અને બીજો નવો આવ્યો તેને સુખી રાખો.

બાબા ! તને આ સાંભળી ઘણું દુઃખ થશે. પણ પ્રભુને કરવું ને બાબુભાઈ મરી ગયા.

તે હવે બંધ કરીએ.

બાબીબેન ( ૯ વર્ષ )

☆ ☆

# નહિ હોયની વાર્તા

એક હંસ નહિ હોય.
તે ચણવા નહિ જતો હોય.
તે સોનાનાં મોતી ખાતો નહિ હોય.
તે એકલો નહિ હોય.
તેનો દોસ્ત કોઈ નહિ હોય.
તેની ડોકમાં મોતીની માળા નહિ હોય.
તેને ફૂલ ગમતાં નહિ હોય.
તેને એકલું ગમતું નહિ હોય.
તે એકલો નહિ બેઠો હોય.
તે એક વિચાર કરતો નહિ હોય.
તેવામાં એક માખી ગળે બેઠી નહિ હોય.
તે મરી નહિ ગયો હોય.

સુશીલાબહેન (૧૧ વર્ષ)

☆ ☆

# એક વડલાની વાત

એક હતું મોટું વન. એમાં એક મોટો વડલો. મોટો મોટો એટલો તો મોટો કે તેની નીચે બે હજાર માણસ રહી શકે.

એક દિવસ એક માણસ આવ્યો, ને કહે કે આ વડલો આટલો મોટો છે, તો તેની ડાળીઓ કેટલી હશે? તે તો ગણવા લાગ્યો. ચાર દિવસ ને ચાર રાત થઈ. નવ હજાર નવસો ડાળીઓ થઈ. તે કહે, હવે કાંઈ પાન ગણ્યા વિના ચાલે? તે તો પાછો પાન ગણવા લાગ્યો. પાન ગણતો જાય ને ધોળા રંગથી રંગતો જાય. નવ દિવસ નવ રાત થઈ. ચૌદ હજાર નવસો નવાણું પાન થયાં.

એક દિવસ તે તેના છોકરાને વાર્તા કહેવા બેઠો. એક હતો રાજા. તે એક દિવસ શિકાર કરવા નીકળ્યો. રસ્તામાં તે ભૂલો પડ્યો. હવે રાત ક્યાં રહેવું તેનો વિચાર

કરવા લાગ્યો. રાજાએ તો ઝાડ ઉપર ચડીને જોયું. એક મોટો વડલો દેખાયો. તે કહે, લાવને ત્યાં જાઉં? ત્યાં જઈને જોયું. ખૂબ મોટો વડલો હતો. તે તો કહે, આ તો વડલો કે વન? રાજા વડલા ઉપર ચડ્યો. એક સુંદર ડાળ ઉપર તે સૂઈ ગયો. સવાર પડ્યું. રાજાએ જોયું તો પાને પાને ટીડડાં. રાજા કહે, આ તે શું વડલો કે અડધું વન? રાજા ઘેર ગયો. ગયો. અને વાર્તા થઈ.

પેલો માણસ વાર્તા કહીને ઊઠ્યો.

**સુશીલાબેન (૧૧ વર્ષ)**

☆ ☆

## એક ગમ્મત

રમણ કહે: "બચુ! તેં કોઈ દિવસ ગધેડું જોયું છે?"

બચુ: "હેં? હા."

રમણ: "તે કેવું હોય તેની તને ખબર છે?"

બચુ : "કેવું હોય એટલે ? તેને ચાર કાન હોય ને આઠ પગ હોય; તે જ ને ? -આહો ! તે તો મેં હજાર વાર જોયું છે !"

એટલે રમણ બોલ્યો : "ત્યારે તેં બકરીનાં બચ્ચાં જોયાં છે ?"

બચુ : "હા. તે કેવાં હોય તે કહું ?"

રમણ : "કેવાં હોય, કહે જોઈએ ?"

બચુ : "હં. એને મોટી લાંબી સૂંઢ હોય; ને પેલા ગિજુભાઈ ચશ્માં પહેરે છે તેવાં તે પણ ચશ્માં પહેરે છે; તે જ ને ? આહોહોહો !"

એટલું કહ્યું ત્યાં તો રમણ દાંત જ કાઢવા મંડ્યો.

લીલુબેન (૧૨ વર્ષ)

☆ ☆

# જાણી લેજો

એક હતો ગધેડો; તેને ત્રણ બિલાડી જેવાં બચ્ચાં હતાં.

આઠ હાથણુને પાંચ ઉંદર જેવા કાન હતા.

એક સિંહને હાથી જેવી મોટી લાંબી સૂંઢ હતી.

ગિજુભાઈ દરરોજ ઘોડા જેવું હણ--હણે છે.

બચુભાઈ ને અંબુબેન ઊંચાં ઊંચાં તે કેવાં કે જાણે તાડ!

રણછોડજીનો ટુંડો તે કેવો કે તેલ ઝગમગે તેવો.

બાબીના ચોટલા કેવા કે ભેંશનાં શીંગડાં જેવા.

કુસુમબેન ને તારાબેન જાડાં કેવાં કે પાડા જેવાં.

કીડીનાં ત્રણ બચ્ચાં બહુ જ મોટા હાથી જેવાં હતાં.

લીલુબેન, સુશીલાબેન, વગેરે

☆ ☆

# લવિંગ અને જેઠીમધનો સંવાદ

રાતના દસ વાગે હું સૂતી, મારા મોઢાની અંદર લવિંગ અને જેઠીમધ હતાં, ને સાકર પણ હતી. આસ્તે રહીને લવિંગ બોલ્યું: "હે જેઠીમધભાઈ! આપણા બેમાં ઉધરસને કોણ વધારે ગુણ કરે?"

જેઠીમધ કહે: "હું."

લવિંગ કહે: "હું."

જેઠીમધ કહે: "પણ હું જ છું ને?"

લવિંગ કહે: "અરે ભાઈ! ભૂલ્યા. આપણા બેમાં તો હું જ છું ને! આખી દુનિયા તો તને ઓળખતી યે નથી ને શી રીતે કહીશ?"

લવિંગ કહે: "માણસો ભોજન કરે છે પછી મને મોઢામાં રાખે છે. તો આખી દુનિયા કેમ ન ઓળખે?"

બાર ઉપર બે થયા. સાકર કહે: "હવે સૂવા તો દો! ક્યારનાં અવાજ કરો છો તે?"

થોડી વાર તો જેઠીમધ ને લવિંગ શાંત થયાં. પછી પાછાં બાઝણુ કરવા લાગ્યાં. લવિંગ કહે 'હું' ને જેઠીમધ કહે 'હું.'

લવિંગ કહે: "ચાલો ને, સાકર પાસે ન્યાય કરાવવા જઈએ?"

જેઠીમધ કહે: "ચાલો."

બંને ચાલ્યાં. "સાકરબેન' સાકરબેન! બારણું ઉઘાડો."

સાકર કહે: "હવે ઘડીક તો સૂવા દો?"

"પણ ઉઘાડો તો ખરાં? અમારે ન્યાય કરાવવો છે."

સાકર કહે: "બોલો જોઈએ?"

જેઠીમધ કહે: "અમારા બેમાં ઉધરસને કોણ વધારે ગુણ કરે?"

ત્યાં તો લવિંગ એકદમ તાડૂકીને બોલ્યું: "હું જ વધારે ગુણ કરું છું."

સાકરે લવિંગને જરા ધીમું પાડ્યું. જેઠીમધે બધી વાત કહી. આસ્તે રહીને સાકર બોલી: "છો તો બન્ને સરખાં, પણ...."

લવિંગ કહે : " હું વધારે નહિ ? "

સાકર જરા વાર વિચાર કરીને કહે : " લવિંગ ! તું તો જરા ઓછું ગણાય, કારણ કે તારી સાથે સાકર જોઈએ. અને તમે શેકેલાં હોવાં જોઈએ. "

લવિંગ બિચારું વીલે મોઢે બેસી રહ્યું.

સુશીલાબેન ( ૧૧ વર્ષ )

☆ ☆

## એક સંવાદ

### પ્રવેશ પહેલો

કપિલા : " કંચન, કંચન ! ચાલ તો, આપણે ઉષાની વાડીમાં જઈએ."

કંચન : " પણ ઉષાને બોલાવતા જઈએ તો મજા પડે. "

બેઉ જણ જાય છે. ચાલતાં ચાલતાં વાતો કરે છે કે આપણે પેલું ગાયન ગાશું. હો કે.

કપિલા : "આલ્યું હો કે."

કંચન : "કયું ?"

કપિલા : "જો હું ગાઈ બતાવું. લે સાંભળ—

ચાલો સખી વાડીમાં રે લોલ;
વાડીએ જઈશું ને લે'ર કરશું રે લોલ.
વાડીમાં ભાતું ખાઈશું રે લોલ;
ત્યાં તો વળી ફૂલ વીણીશું ને
હાર ગુંથીશું રે લોલ."

એટલું બોલે છે ત્યાં તો ઉષાનું ઘર આવે છે. બેઉ જણુ અંદર જાય છે. ત્યાં તો ઉષા સામેથી આવીને ફૂલડે વધાવે છે. ને બેઉને શેત્રંજી ઉપર બેસાડે છે.

ત્યાં તો એકદમ કંચન ને કપિલા કહે છે : "અમે કાંઈ બેસવા માટે નથી આવ્યાં."

એટલે ઉષા કહે : "તો તમે શા માટે આવ્યાં છો ?"

એટલે કંચન હળુક દઈને કહે છે :

"તારી વાડીમાં જવા માટે."

એટલે ઉષા કહે : "હું તૈયાર જ છું."

કપિલા કહે : "તો ઝટ ચાલ."

પછી ત્રણે જણ જાય છે.

☆ ☆

## પ્રવેશ બીજો

સ્થળ : ઉષાની વાડીમાં

ત્રણે જણ વાડીમાં ભાતું ખાય છે. ત્યાં તો ગુલાબ ધીમે પગલે આવીને એક-દમ ઉષાની આંખો દબાવીને ઊભી રહી. એટલે કપિલા કહે : "ઉષાબાઈ! ઓળખી કાઢો. કહો, કોણ છે?"

ઉષા કહે : "આ તો ગુલાબના ફૂલની પાંખડી હોય એવા હાથ લાગે છે. એટલે ગુલાબ જ હોવી જોઈએ."

ત્યાં તો ગુલાબે હાથ છોડી દીધા ને કહે : "કાં ઉષાબાઈ! ન ઓળખી શકી ને? એમ ત્યારે, ગુલાબબાઈનો ઝપાટો!"

લીલુબેન. (૧૨ વર્ષ)

☆ ☆

# સીતાજીની વાત

સીતાજીને રામચંદ્રજીએ વનમાં મોકલી દીધાં ત્યારે સીતાજી વાલ્મીકી ઋષિને આશ્રમે ગયાં.

સીતાજીએ ઋષિને પૂછ્યું : "તમે મને રાખશો ?"

વાલ્મીકીએ કહ્યું : "તું કોણ છો ?"

સીતા કહે : "સીતા."

વાલ્મીકી કહે : "સીતા તો તારા જેવી ઘણી હશે. સીતા હો તો તારું સત બતાવ, તો તું ખરી સીતા."

સીતા કહે : "હે ગંગામાઈ! જો હું ખરી હોઉં તો મારું સત બતાવ."

ત્યાં તો ગંગામાંથી હડહડ પાણી આવ્યું. વાલ્મીકીની ઝૂંપડી તરવા લાગી, એનો લોટો પણ તરવા લાગ્યો, અને રામ—પાત્ર પણ તરવા લાગ્યું.

વાલ્મીકી ઋષિ એને પગે પડ્યા ને કહ્યું : “ તું ખરી સીતા છો. હવે તારું પાણી પાછું લઈ લે.”

બાબીબેન ( ૯ વર્ષ )

☆ ☆

## નગર શેઠની વાત

એય હતું મોટું શહેર. એ શહેરની અંદર એવો રિવાજ કે બધા માણસોએ રંગોળી પૂરવી જ જોઈએ, અને મોતીના સાથિયા કાઢવાં જ જોઈએ. સહુના ફળિયામાં એક એક મોતીનું ઝાડ. રોજ સાથિયા નવાં તાજાં ઉતારેલાં મોતીથી જ પૂરવા જોઈએ. અને ઝાડ ઉપરથી મોતી ખરી જાય તો પાડોશીને ત્યાંથી લઈ જાય. રાજાને ત્યાં પણ એ જ વાત. ત્યાંના રસ્તા તો એટલા ચોખ્ખા કે બસ, કાંઈ વાત જ પૂછો મા. ત્યાંના માણસો પણ એટલા જ ચોખ્ખા કે રસ્તા ઉપર થૂંકે નહિ. પણ કોઈ માણસ રસ્તા

ઉપર કચરો નાખે તો એને હાથે ઉપડાવે, નહિતર ફાંસી દે. શાળા પણ એટલી જ ચોખ્ખી. આપણી ધૂડી નિશાળ જેવી નહિ.

એક દિવસ ત્યાંના નગરશેઠની દીકરી સોનાકુમારીએ રસ્તા ઉપર કચરો નાખ્યો. નગરશેઠ બહુ ખિજાયો. તેણે સોનાકુમારી પાસે જ કચરો ઉપડાવ્યો. બધા સિપાઈ કહે: "હં હં હં! અમે ઉપાડી નાખશું."

નગરશેઠ કહે: "નિયમ તે નિયમ. તે કેમ ભંગાય?"

નગરશેઠ તો સોનાકુમારીને રાજા પાસે લઈ ગયા અને કહે: "આ સોનાકુમારીને ફાંસી દ્યો."

રાજા કહે: "શા માટે?"

નગરશેઠ કહે: "એણે રસ્તા ઉપર કચરો નાખ્યો છે માટે."

રાજા કહે: "ના ના, તમારી દીકરીને કાંઈ ફાંસી દેવાય?"

નગરશેઠ કહે: "મારી હોય કે બીજાની હોય, પણ કાયદો તે કાયદો."

રાજા કહે : "શેઠ ! તમે તમારી દીકરીને લઈને આવ્યા અને સાચું બોલ્યા માટે હું તેને નહિ મારું. તમે ખોટું બોલ્યા હોત ને કહ્યું હોત કે ભૂલી ગયો, તો હું જરૂર મારત. પણ તમે સાચું બોલ્યા માટે નહિ મારું."

પછી નગરશેઠ બહુ મોટો ગણાયો.

સુમતિબેન (૧૦ વર્ષ)

# શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા

૮૦ પુસ્તકો

સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

( વિગતવાર સૂચિપત્ર મગાવો )

*

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભું હતું
૪ હજામડી
૫ કબાટ
૬ બાળકોનો બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ ને રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ

## શ્રી દક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળા : એકંદર ૮૦ પુસ્તકો

૩૭ જુગતરામના પાઠો
૩૮ લો લો લો
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો–૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજીભાઈ પડી ગયા !
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને–
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળકોનો બીરબલ–૨
૫૪ છોટાં રેંજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓતરાતી દીવાલો–૧
૬૨ ઓતરાતી દીવાલો–૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત–મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

# ઉત્તમ બાલ-કિશોર સાહિત્ય

## સ્વ. ગિજુભાઈ સંપાદિત : દક્ષિણામૂર્તિ બાલસાહિત્ય

| | | | |
|---|---|---|---|
| બાળવાર્તાઓ ૧ થી ૫ ... | ... સેટના | ... | ૧૦-૨૫ |
| બાળલોકગીત સંગ્રહ ૧-૨ ... | ... ,, | ... | ૨-૦૦ |
| બાલસાહિત્ય માળા (૮૦ પુસ્તકો) ... | ,, | ... | ૪૦-૦૦ |
| બાલસાહિત્ય ગુચ્છ (૨૫ પુસ્તકો) ... | ,, | ... | ૧૪-૦૦ |
| બાલસાહિત્ય વાટિકા-૧ (૩૨ પુસ્તકો) | ,, | ... | ૪૨-૫૦ |
| બાલસાહિત્ય વાટિકા-૨ (૧૬ પુસ્તકો) | ,, | ... | ૨૩-૫૦ |

કિશોર કથાઓ ૧-૨ ૪-૦૦ | ધર્માત્માઓનાં ચરિત્રો ૨-૫૦

રખડુ ટોળી ... ૪-૫૦ | ભગવાન બુદ્ધ ... (છપાશે)

## શ્રી નાનાભાઈ ભટ્ટ કૃત

| | | | |
|---|---|---|---|
| મહાભારતનાં પાત્રો (૧૩ પુસ્તકો) ... | સેટના | ... | ૨૦-૫૦ |
| રામાયણનાં પાત્રો (૬ પુસ્તકો) ... | ,, | ... | ૧૨-૦૦ |
| હિંદુધર્મની આખ્યાયિકાઓ ખંડ ૧-૨ | ,, | ... | ૫-૫૦ |

શ્રીમદ્ લોકભાગવત ૭-૫૦ | ભાગવતકથાઓ ૩-૫૦

## શ્રી મૂળશંકર મો. ભટ્ટ કૃત

સાગરસમ્રાટ ... ૩-૫૦ | પાતાળપ્રવેશ ... ૨-૫૦

સાહસિકોની સૃષ્ટિ ૬-૦૦ | ખજાનાની શોધમાં ૨-૫૦

## પાંચ વિશિષ્ઠ ગ્રંથાવલિઓ

| | | |
|---|---|---|
| નગર ગ્રંથાવલિ...લે૦ ધીરજલાલ ગજ્જર ... | સેટના | ૮-૦૦ |
| જ્ઞાન-વિજ્ઞાન ગ્રંથાવલિ...લે૦ ગિરીશ ગણાત્રા | ,, | ૭-૫૦ |
| કમલ કિતાબ (સચિત્ર ૧૦ પુસ્તકો) ... | ,, | ૭-૫૦ |
| ટારઝન ૧ થી ૧૦...લે૦ શંકર શાહ ... | ,, | ૧૪-૫૦ |
| સાહસકથાઓ (૨૫ પુસ્તકો) ... ... | ,, | ૭૦-૦૦ |

**આર. આર. શેઠની કંપની : મુંબઈ-૨ અમદાવાદ-૧**


કવર શ્રી પ્રવીણ પ્રિન્ટરી, સોનગઢ